VASHISHTHA GROUP OF SCHOOL



પ્રેરણા



આત્મવિશ્વાસ

# જીવનપંથ

અંક : ૭ । ડિસેમ્બર – ૨૦૨૪

## કવિતા

મારું સ્થાન નાનું છે અને મારું કામ નજીવું છે.

મોટા મંચો ગજાવી મૂકવાનું
સમાજમાં વ્યાપક પરિવર્તન લાવવાનું
કોઈ ભવ્ય સર્જન–સંશોધનનું મહાન પ્રદાન કરવાનું
કે વિશાળ માનવ સમુદાયને
કોઈ ઉમદા ધ્યેય ભણી દોરી જવાનું કામ
મારે ભાગે નથી આવ્યું.

પણ તેથી શું?
આળસુપણે બેસી
મોટા ફલકની કલ્પના કે કામના કરવાનો કાંઈ અર્થ નથી.
બધાનાં નામ ઈતિહાસમાં સોનેરી અક્ષરે થોડાં જ લખાય છે.

દંભ અને આડંબર વગર
છાના ખૂણે બેસીને કરેલાં
નાનાં કામોયે મહત્વનાં છે.

તારી અનંતની યોજનામાં
મારે ભાગે જે અલ્પ કર્તવ્ય તેં રાખ્યું છે
તે હું આનંદ અને નિષ્ઠાથી કરીશ.

મને ઓછું વળતર મળે તેને
મારી ભૂલો માટેનું
કે સમય વેડફવા માટેનું બહાનું નહીં બનાવું.

કોઈ જોનાર હોય કે ન હોય,
કોઈ કદર કરે કે ન કરે
મારું કામ હું એવી ઉત્તમ રીતે પાર પાડીશ
કે તેને માટે ગૌરવ લઈ શકાય.

તેં મને ભલે નાનો ખૂણો આપ્યો.
એ ખૂણાને હું અજવાળાથી ભરી દઈશ.

ગમે તેવું તુચ્છ કામ પણ, હું સુંદરતા અને હૃદયપૂર્વક
તારું નામ લઈને કરીશ, ત્યારે તેમાં તારો ચહેરો મલકી ઊઠશે.

નાનકડા રજકણનેય તેં તારા વિશ્વમાં સ્થાન આપ્યું છે.
આંખે ન દેખાતા અણુમાં શક્તિનો ભંડાર ભર્યો છે
એ વાત હું ભૂલીશ નહીં, પ્રભુ !

પુસ્તકઃ પરમ સમીપે

અહીં કેટલાક સશક્ત ઉદાહરણો છે જે વિદ્યાર્થીઓને પ્રેરણા આપી તેમના વિકાસ માટે નિર્ણાયક ભૂમિકા ભજવી શકે છે.



### રતન ટાટા

પ્રેરણાઃ ટાટા ગ્રૂપના ભૂતપૂર્વ ચેરમેન, રતન ટાટા માત્ર તેમની વ્યાપારી કુશળતા માટે જ નહીં પરંતુ તેમની નમ્રતા અને પરોપકારી માટે પણ જાણીતા છે. તેમણે નૈતિકતા અને મૂલ્યોને અકબંધ રાખીને ટાટા જૂથને વૈશ્વિક ઓર્ગેનાઈઝેશનમાં પરિવર્તિત કર્યું.

વિદ્યાર્થીઓ માટે પાઠઃ સફળતા એ માત્ર વ્યક્તિગત સંપત્તિ વિશે નથી પરંતુ અખંડિતતા અને નૈતિકતા જાળવીને સમાજ પર સકારાત્મક અસર કરવા વિશે છે.



### ડૉ. એ. પી. જે. અબ્દુલ કલામ

પ્રેરણાઃ ભારતના ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ અને તેજસ્વી વૈજ્ઞાનિક, ડૉ. કલામ તમિલનાડુના રામેશ્વરમની ગ્રામ્ય પૃષ્ઠભૂમિમાંથી આવ્યા હતા. નાણાકીય સંઘર્ષો હોવા છતાં, તેમણે તેમના સપનાને દ્રઢ નિશ્ચય સાથે આગળ ધપાવ્યું. આખરે ભારતના અવકાશ અને મિસાઈલ કાર્યક્રમોમાં મુખ્ય વ્યક્તિ બન્યા.

વિદ્યાર્થીઓ માટે પાઠઃ સખત મહેનત, દ્રઢતા અને જ્ઞાન માટેની તરસ કોઈપણ અવરોધને દૂર કરી શકે છે.



### કલ્પના ચાવલા

પ્રેરણાઃ અવકાશમાં જનારી ભારતીય મૂળની પ્રથમ મહિલા, હરિયાણાના નાના શહેરથી નાસા સુધીની કલ્પના ચાવલાની સફર એરોસ્પેસ એન્જિનિયરિંગ માટે સમર્પણ અને જુસ્સાથી ભરેલી હતી.

વિદ્યાર્થીઓ માટે પાઠઃ કોઈ પણ સ્વપ્ન બહુ મોટું હોતું નથી અને જાતિ તેમજ સામાજિક કે ભૌગોલિક પરિસ્થિતિને આધારે ક્યારેય આકાંક્ષાઓને મર્યાદિત કરવી જોઈએ નહીં.



### સુંદર પિચાઈ

પ્રેરણાઃ **Google** ના **CEO**, સુંદર પિચાઈ ચેન્નાઈના વતની છે, જ્યાં તેમની પાસે સંસાધનોનીમર્યાદિત ઍક્સેસ હતી. તેમ છતાં ટૅક્નોલોજી અને શિક્ષણ પ્રત્યેનો તેમનો જુસ્સો જ તેમને ટૅક્નોલોજીની દુનિયામાં ટોચના નેતૃત્વ સ્થાનોમાંથી એક તરફ દોરી ગયો.

વિદ્યાર્થીઓ માટે પાઠઃ ટૅક્નોલોજીની ઝડપથી વિકસતી દુનિયામાં સાતત્યપૂર્ણ શિક્ષણ અને અનુકૂલનક્ષમતા વૈશ્વિક પ્રભાવ તરફ દોરી શકે છે.



### મૅરી કૉમ

પ્રેરણાઃ પાંચ વખતની વર્લ્ડ ચેમ્પિયન બોક્સર, મૅરી કૉમ મણિપુરના એક નાના ગામની છે. ગરીબી, સામાજિક મર્યાદાઓ અને ત્રણ બાળકોની માતા છતાં, તેમણે ઓલિમ્પિક્સ સહિત વિવધ આંતરરાષ્ટ્રીય સ્તરે ભારત માટે મૅડલ જીત્યા હતાં.

વિદ્યાર્થીઓ માટે પાઠઃ પોતાના જુસ્સા, સ્થિતિસ્થાપકતા અને લડવાની ભાવના પ્રત્યે સમર્પણ તમામ અવરોધોને દૂર કરવામાં મદદ કરી શકે છે.

### ડૉ. દેવી શેટ્ટી



પ્રેરણા : પ્રખ્યાત કાર્ડિયાક સર્જન, ડૉ. દેવી શેટ્ટીએ નારાયણ હેલ્થની સ્થાપના કરી, જે લાખો લોકોને સસ્તા દરે આરોગ્ય સેવા પૂરી પાડે છે. ભારતમાં સામાન્ય માણસ, ખાસ કરીને ગરીબો માટે હાર્ટ સર્જરીને સસ્તું બનાવવાનું તેમનું વિઝન હતું.

વિદ્યાર્થીઓ માટે પાઠઃ કરૂણા, નવીનતા અને વ્યક્તિગત લાભથી આગળ વિચારવું સમાજમાં પરિવર્તનકારી પરિવર્તન લાવી શકે છે.

### નીરજા ભનોટ



પ્રેરણાઃ નીરજા ભનોટ એક ફ્લાઈટ એટેન્ડન્ટ હતી જેણે ૧૯૮૬માં હાઈજેક દરમિયાન મુસાફરોને બચાવવા માટે પોતાના જીવનનું બલિદાન આપ્યું હતું. તેમને બહાદુરી માટે ભારતનો સર્વોચ્ચ શાંતિ સમયનો લશ્કરી પુરસ્કાર અશોક ચક્ર એનાયત કરવામાં આવ્યો હતો.

વિદ્યાર્થીઓ માટે પાઠ : હિંમત અને નિઃસ્વાર્થતા એ શક્તિશાળી ગુણો છે જે અન્ય લોકોને પ્રેરણા આપી શકે છે અને કાયમી અસર કરી શકે છે.

### નીરજ ચોપરા



પ્રેરણા : નીરજ ચોપરા ટ્રેક એન્ડ ફિલ્ડ (ટોક્યો 2020)માં ભારતના પ્રથમ ઓલિમ્પિક સુવર્ણ ચંદ્રક વિજેતા છે. તેઓ પ્રત્યેક યુવાનો માટે નિશ્ચય, શિસ્ત અને સખત મહેનતનું પ્રતીક બની ગયા છે. હરિયાણાના એક નાના ગામમાં જન્મેલા નીરજ પાસે મર્યાદિત સંસાધનો હતા પરંતુ તેની રમત પત્યે તેમને અપાર સમર્પણ હતું. તેમના શરૂઆતના વર્ષોમાં ઉચ્ચસ્તરની સુવિધાઓ ન હોવા છતાં, તેમણે સતત પ્રયત્નો કર્યા, સખત તાલીમ લીધી અને તેમના લક્ષ્યો પર ધ્યાન કેન્દ્રિત કર્યું.

વિદ્યાર્થીઓ માટે પાઠઃ રમતગમત હોય કે ક્ષિક્ષણં, કેન્દ્રિત પ્રયત્નો જ સફળતાની ચાવી છે. અડચણો એ પ્રવાસનો એક ભાગ છે, પરંતુ યોગ્ય માનસિકતાથી તેને દૂર કરી શકાય છે. પડકારો અથવા મુશ્કેલીઓનો સામનો કરતી વખતે પણ કયારેય હાર ન માનો.

### શીતલ દેવી



પ્રેરણાઃ શીતલ દેવી, એક પેરા–તીરંદાજ છે. તમણે 2023 એશિયન પેરા ગેમ્સમાં તીરંદાજીમાં બે ગોલ્ડ મૅડલ જીતીને ઈતિહાસ રચ્યો છે. તેઓ વિશ્વની પ્રથમ હાથ વિનાની મહિલા તીરંદાજ છે. શીતલ તેના પગનો ઉપયોગ કરીને શૂટ કરે છે. એક એવું પરાક્રમ કે જેમાં માત્ર અપાર શારીરિક કૌશલ્ય જ નહીં પણ માનસિક મનોબળની પણ જરૂર હોય છે.

વિદ્યાર્થીઓ માટે પાઠઃ શારીરિક, સામાજિક અથવા ભાવનાત્મક પડકારો વ્યક્તિની મહત્વાકાંક્ષાઓને ક્યારેય રોકી શકી નથી. અન્ય લોકો તમારા પર શંકા કરે ત્યારે પણ તમારી ક્ષમતાઓમાં વિશ્વાસ રાખો. તમારામાં આત્મવિશ્વાસ એ મહાનતા પ્રાપ્ત કરવા તરફનું પ્રથમ પગલું છે. જીવનમાં મુશ્કેલીઓ આવશે, પરંતુ શીતલ દેવી આપણને ઉદાહરણ આપે છે કે કેવી રીતે આંતરિક શક્તિ અને ખંત પ્રતિકૂળતાને વિજયમાં ફેરવી શકે છ

. આના જેવા અનેક ઉદાહરણો વિદ્યાર્થીઓને દ્રઢતા, સખત પરિશ્રમ, નીતિશાસ્ત્રના મૂલ્યો અને સફળતા હાંસલ કરવા માટે કોઈપણ પ્રતિકૂળતાને દૂર કરી શકે છે તેવી માન્યતા શીખવે છે. આજ પ્રમાણે શૈક્ષણિક પ્રેરણા માટે, અસંખ્ય ભારતીય વિદ્વાનો, વૈજ્ઞાનિકો અને શિક્ષકો છે. જેમના જીવન અને સિદ્ધિઓ ઉત્તમ ઉદાહરણો પ્રદાન કરે છે.

### ડૉ. સી. વી. રમણ



નોબેલ પુરસ્કાર વિજેતા ભૌતિકશાસ્ત્રી, સી. વી. રમણે પ્રકાશ સ્કેટરિંગના ક્ષેત્રમાં અભૂતપૂર્વ શોધો કરી, જેને "રામન અસર" તરીકે ઓળખવામાં આવે છે. ભારતમાં અવિકસિત વૈજ્ઞાનિક વાતાવરણમાં કામ કરતી વખતે તેમણે અથાગ સંશોધન અને પ્રયોગો દ્વારા આ માન્યતા પ્રાપ્ત કરી હતી.

### ડૉ. હોમી જે. ભાભા



જેઓ "ભારતીય પરમાણુ કાર્યક્રમના પિતા" તરીકે ઓળખાય છે. હોમી જે. ભાભાએ ભારતમાં પરમાણુ સંશોધન સ્થાપિત કરવામાં મહત્વની ભૂમિકા ભજવી હતી. તેમણે ટાટા ઈન્સ્ટિટ્યૂટ ઑફ ફંડામેન્ટલ રિસર્ચ (TIFR)ની સ્થાપના કરી અને ભારતના અણુ ઊર્જા કાર્યક્રમનો પાયો નાખ્યો હતો.

### ડૉ. વિક્રમ સારાભાઈ



ભારતીય અવકાશ કાર્યક્રમના પિતા, વિક્રમ સારાભાઈએ ISRO (ભારતીય અવકાશ સંશોધન સંસ્થા)ની રચનામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. તેઓ દ્રઢપણે માનતા હતા કે જીવનની ગુણવત્તા સુધારવા માટે વિજ્ઞાન અને ટૅકનોલોજીનો ઉપયોગ કરી શકાય છે અને તેમના પ્રયાસોએ ભારતને વૈશ્વિક અવકાશના નકશા પર મૂક્યું.

### ડૉ.મંજુલ ભાર્ગવ



ભારતીય–અમેરિકન ગણિતશાસ્ત્રી, ડૉ. મંજુલ ભાર્ગવ પ્રિન્સટન યુનિવર્સિટીમાં પ્રોફેસર છે અને ફીલ્ડ્સ મેડલિસ્ટ છે (જેને ગણિતનું નોબેલ પુરસ્કાર કહેવાય છે). સંખ્યા સિદ્ધાંતમાં તેમના સંશોધનથી પ્રાચીન અને આધુનિક ગણિતમાં નવી સમજ મળી છે.

### ડૉ. સત્યેન્દ્ર નાથ બોઝ



ભૌતિકશાસ્ત્રી અને ગણિતશાસ્ત્રી, એસ.એન. બોઝ ક્વોન્ટમ મિકેનિક્સ પરના તેમના કામ માટે વધુ જાણીતા છે, ખાસ કરીને "બોઝ–આઈન્સ્ટાઈન આંકડા." તેમના કાર્યને પાછળથી આલ્બર્ટ આઈન્સ્ટાઈન દ્વારા માન્યતા આપવામાં આવી હતી, અને કણ ભૌતિકશાસ્ત્રમાં "બોસોન" શબ્દ તેમના નામ પરથી રાખવામાં આવ્યો છે.

### ડૉ. રુક્મિણી બેનર્જી



જેઓ એક શિક્ષણશાસ્ત્રી અને ભારતમાં શિક્ષણ પર ધ્યાન કેન્દ્રિત કરતી NGO, પ્રથમના CEO હતા. ડૉ. રુક્મિણી બેનરજીએ ગ્રામીણ ભારતમાં સાક્ષરતા દર અને શિક્ષણના પરિણામોને સુધારવા માટે અથાગ મહેનત કરી છે. તેમણે પાયાના સ્તરે બાળકોના શિક્ષણનું મૂલ્યાંકન કરવા અને તેને સુધારવા માટેની પદ્ધતિઓની પહેલ કરી હતી.

### ડૉ. અમર્ત્ય સેન



જેઓ નોબેલ પારિતોષિક વિજેતા અને અર્થશાસ્ત્રી છે. અમર્ત્ય સેનના કલ્યાણ અર્થશાસ્ત્ર, સામાજિક પસંદગી, સિદ્ધાંત અને વિકાસ પરના કાર્યે વૈશ્વિક આર્થિક નીતિ અને ફિલસૂફી પર ઊંડી અસર કરી છે. તેમનું પુસ્તક "ડેવલપમેન્ટ એઝ ફ્રીડમ" અર્થશાસ્ત્રનો અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે પ્રેરણારૂપ છે.



### ડૉ. વેંકટરામન રામકૃષ્ણન

એક માળખાકીય જીવવિજ્ઞાની ડૉ. વેંકટરામન રામકૃષ્ણનને રાઈબોઝોમની રચના અને કાર્ય માટે રસાયણશાસ્ત્રમાં નોબેલ પુરસ્કાર એનાયત કરવામાં આવ્યો હતો. તેમણે તેમની શૈક્ષણિક યાત્રામાં આર્થિક ભંડોળ અને સંસાધનોને લગતા પડકારો સહિત અસંખ્ય અવરોધોને પાર કર્યા હતા.



### ડૉ. ગગનદીપ કાંગ

જેઓ એક પ્રખ્યાત વાઈરોલોજિસ્ટ છે. ડૉ. ગગનદીપ કાંગ ભારતમાં ચેપી રોગો, ખાસ કરીને રોટાવાયરસને સમજવામાં તેમના અગ્રણી કાર્ય માટે જાણીતા છે. તેઓ રોયલ સોસાયટી (FRS)ના ફેલો તરીકે ચૂંટાયેલા પ્રથમ ભારતીય મહિલા હતા.

## જેવી સોબત તેવી અસર

સાતમાં ધોરણ સુધી હું પાછલી પાટલીઓ પર બેસનારાઓમાંની જ એક હતી. અમારામાં કંઈ જ સારું નહોતુ. તાસ દરમિયાન અમે ભણવામાં કોઈ ધ્યાન નહોતા આપતાં, અભ્યાસેત્તર પ્રવૃત્તિમાં 'ઢ' હતા અને રમતોમાંથી ગાપચી મારતા હતા. શિક્ષકોએ અમારી પાસેથી કોઈ અપેક્ષા રાખવાનું છોડી દીધું હતું, જવાબ મેળવવા કદીયે અમારી પસંદગી નહોતા કરતા અને અલબત્ત, અમે લોકોએ કદી સામેથી ઈચ્છા પણ દર્શાવી નહોતી. જે તે વિષયમાં અમારું જ્ઞાન માત્ર પરીક્ષાના દિવસો પૂરતું મર્યાદિત હતું કે જયારે અમે પાસ થવા પૂરતું ગોખી લેતાં હતાં.

મારા સાતમાં ધોરણનો પ્રગતિનો અહેવાલ મળ્યો તે દિવસ મને તાદ્રશ્ય યાદ છે. મારા વર્ગમાં વિદ્યાર્થીઓની સંખ્યા ૫૧ હતી જેમાં મારો નંબર ૪૦મો એટલે કે છેલ્લેથી અગિયારમો આવ્યો હતો! મારી ટોળકીના ત્રણ જણ તો નાપાસ જ થયાં હતાં. તે ત્રણેય ડૂસકાં ભરી રહ્યા હતા અને ઘરે માબાપને શો જવાબ આપીશું તેની વિમાસણમાં હતાં. મને યાદ છે, તેઓના ક્રોધના ભય કરતાંયે તેમની માતાને આ અહેવાલથી કેટલું દુઃખ થશે તેનો વિચાર ત્યારે તો તેમની હતાશાનું મુખ્ય કારણ હતું. તેમાંની એકે મારા તરફ ઉપર જોયું અને કહ્યું, સાતમા ધોરણની અન્ય વિદ્યાર્થીનીઓ અમારી સાથે કેવો વર્તાવ કરશે તેની તો વાત જ જવા દે.' એ તો સામાન્ય સમજની વાત હતી કે નાપાસ થયેલા હંમેશા એકબીજાને વળગી રહેતાં હોય છે. તેમનો કોઈ સંગાથ નહોતુ કરતું, ન તો અમારો આઠમા ધોરણમાં જઈ રહેલો વર્ગ કે ન તો છટ્ઠું ધોરણ પાસ કરીને આવેલો નવો સાતમા ધોરણનો વર્ગ. તેમની આ કઠણાઈનો વિચાર આવતા મારા શરીરમાંથી એક કંપારી પસાર થઈ ગઈ. હું જાણતી હતી તેમના જેવી પરિસ્થિતિમાં મુકાતા હું ખુદ બાલબાલ બચી ગઈ હતી.

નવા શૈક્ષણિક વરસના પહેલાં દિવસે સભામાં આઠમા ધોરણના ત્રણેય વર્ગોની વિદ્યાર્થીનીઓને પાછળ ઊભા રહેવાનું કહેવામાં આવ્યું. દરેકનાં નામ બોલવામાં આવ્યાં અને વર્ગોની ફેરગોઠવણી કરવામાં આવી. હું વર્ગ 'બ'માં ગઈ જયારે અમારી ટોળકીનો ચઢાવો મેળવીને મારી સાથે ઉપલા ધોરણમાં આવી શકેલી એકલી છોકરી વર્ગ 'ક'માં ગઈ.

વર્ગખંડમાં મારે ભાગે બીજી હરોળમાં એક નવી આવેલી છોકરી સાથે બેસવાનું આવ્યું. બપોરના નાસ્તામાં લાંબા વિરામ સુધીમાં તો અમે મિત્રો બની ગયા. વિરામ દરમિયાન મારી માફક પોતાના વર્ગથી વિખૂટી પડેલી બીજી ત્રણ છોકરીઓ અમારી સાથે જોડાઈ. એક અઠવાડિયામાં અમારા પાંચની ટોળકી રચાઈ ગઈ. તેમાનું કોઈ પાછલી પાટલી પર બેસનાર નહોતું. તે ટોળકીમાં હું કંઈક અતડી પડતી હતી, કારણ કે બાકીના સૌ વર્ગમાં નંબર લાવનારા હતા અને છેક પહેલા ધોરણથી તેમ કરતાં આવ્યા હતા. અને આમ, કશીયે આગાહી વિના, કશાયે પૂર્વ વિચાર વિના, મારા કશાયે પ્રયત્ન વિના મારું જગત બદલાય ગયું!

મારાં ધ્યાનનું કેન્દ્ર, મારાં મૂલ્યો, મારાં રસના ક્ષેત્રો, મારી અગ્રતાઓ, અરે જીવનને હું જે રીતે જોતી હતી તે સઘળું બદલાય ગયું. વાતચીતના મારાં વિષયો ઘડમૂળથી બદલાય ગયા, શિક્ષકોની હાંસી ઉડાવવાને અને કવિતાઓને હસી (કારણ કે તે સમજાય નહીં તેવી લાગતી હતી) કાઢવાને બદલે હું વિવિધ સંકલ્પનાઓ, ખ્યાલો, અર્થઘટનો, પૂર્વધારણાઓ, ભાષાઓ વગેરેની તેમની સાથે ચર્ચા કરવા લાગી. પાસ થવા ખાતર ગોખવાને બદલે મેં અભ્યાસક્રમના મુદ્દાઓને ઉંડાણપૂર્વક સમજવામાં ઝંપલાવ્યુ. દરેક ક્ષણે'મારે આ કયાં સુધી કરવાની જરૂર છે? ' તેવું વિચારવાને બદલે હું રજૂ કરવામાં આવતી માહિતીને તળિયાઝાટક માણવા લાગી અને મને જાતે જ સર્જનાત્મક ઉદાહરણ મળવા લાગ્યાં. અમે એક બીજાંને કોયડા પૂછવા લાગ્યાં, ગાણિતક સમસ્યાઓ હલ કરવા સ્પર્ધા કરવા લાગ્યાં, સફળતા બદલ એકબીજાની પીઠ થાબડવા લાગ્યાં... અને અલબત્ત, અમારાં ટિફીનોને પણ એકબીજા સાથે માણવા લાગ્યાં.

એક ખાસ પ્રસંગ તો એવો છે કે જે મારી સ્મૃતિમાં સદાયે અંકાયેલ રહેશે. અમારાં રસાયણવિજ્ઞાનના શિક્ષક અમને સોંપે તે પહેલાં જ અમે જાતે જ રસાયણોનાં સામાન્ય નામોને શીખવાનું શરૂ કરી દીધું હતું. એક દિવસ, રસાયણશાસ્ત્રનાં શિક્ષકે ઓચિંતા જ મૌખિક કસોટી જાહેરાત કરી : રસાયણોનાં સામન્ય નામો પર. અમારાં પાંચ જણાનું તે કસોટી પર આધિપત્ય રહ્યું ! અને કસોટીને અંતે હું પ્રથમ આવી.

મેં કદી પણ મારાં અગાઉના જીવન તરફ ગીતિ ન કરી. મેં સખત મહેનત કરી, હું મારાં ભણવા પર એકાગ્ર થઈ, અને હા, પુષ્કળ મોજમજા પણ કરી. પ્રથમ સત્રનું પરિણામ આવતાં હું મારાં વર્ગમાં છટ્ઠા ક્રમે આવી. અમે આંતરશાળા સ્પર્ધાઓમાં ભાગ લીધો અને શાળાનાં પરિસરમાં થતી દરેક પ્રવૃત્તિમાં સારો દેખાવ કર્યો. બાથરૂમમાં પણ ગાવાની હિંમત નહોતી કરતી એવી મેં કંઠ્યસંગીત માટે પણ શ્રાવ્યકસોટી આપ્યાનું મને યાદ છે... આવો તો આત્મવિશ્વાસ મેં હાંસલ કર્યો હતો!

આમ 'હું તે નથી ધરાવતી' , 'હું એટલી તેજસ્વી નથી', 'મારી કોઈને નથી પડી', 'મારે આગળ આવવું જ જોઈએ' વગેરે ખ્યાલોમાંથી મુક્ત થઈને 'હું કરી શકું છું', 'હું તેજસ્વી છું.', 'હું પણ કામની છું' એવો આત્મવિશ્વાસ ધરાવતી થઈ. આ બધું બન્યું કારણ કે હું એવા મિત્રોના વર્તુળમાં મુકાઈ કે જેઓ કંઈ પણ કામ ઉત્તમ રીતે કરી બતાવવામાં માનતા હતા. તેમના તેજોવર્તુળે મને તેમની વચ્ચે ખેંચી લીધી અને મને મારી એક નવી જ જાતનાં દર્શન થયાં.

જેવી સોબત તેવી અસર!

રક્ષા ભારડિયા

## 'હું ઊગરી જઇશ'

'હું ઊગરી જઈશ.' જયારે જયારે મારે ખરાબ સમયનો સામનો કરવાનું બન્યું છે ત્યારે ત્યારે મેં આ શબ્દસમૂહનો ઉપયોગ કર્યો છે. પરંતુ એપ્રિલની તે રાત જેવા આવેગપૂર્વક તો કયારેય નહીં.

હું મારાં મિત્રો સાથે રાતનો છેલ્લો ખેલ જોવા ગઈ હતી. મારી મમ્મી શહેરમાં નહોતી, પરંતુ મેં મારાં પિતાને મારો કાર્યક્રમ જણાવ્યો હતો. ચલચિત્ર બાદ હું કાર હંકારતી ઘરે જવા નીકળી. મારી કારના દરવાજાને તાળું મારવાથી વિશેષ કાળજી લેવા પર મેં ધ્યાન નહોતું આપ્યું.

મારાં ઘર તરફ જતા રસ્તા પર જયારે હું એક સાવ સુમસામ જગ્યા પર આવી પહોંચી ત્યારે મેં બરાબર વચ્ચે એક કાર ઊભી રહેલી જોઈ જેને પરિણામે મારે થોભવું પડયું. પહેલા તો મને એવું લાગ્યું કે હું તેમના રસ્તામાં આવી ગઈ હતી અને તેઓ મને ઠપકો આપવા થોભ્યા હતા. પરંતુ પછી જેવું મેં જોયું કે કાર પર નંબર પ્લેટ તો નહોતી એટલે તરત મને તકલીફની ગંધ આવી ગઈ. કારમાંથી એક જડસુ લાગતો માણસ બહાર આવ્યો અને મારી કારનું બારણું ખોલવા પ્રયત્ન કર્યો. મૂર્ખાઈ



કરી મેં તેની સાથે દલીલ કરવા મારી બારીને કાચ નીચો કર્યો. આથી તેનો હાથ અંદર નાખવાની અને પરાણે દરવાજો ખોલવાની તક મળી ગઈ. તેણે મને બહાર ખેંચી કાઢી અને મને ખાતરી આપી કે મારી પાસે જે કંઈ હોય તે જો હું તેને આપી દઈશ તો તે મને કંઈ નહીં કરે. માત્ર એક જ માણસ વાત કરી રહ્યો હતો જયારે બાકીના બીજા એકપણ શબ્દ બોલ્યા વિના ચૂપચાપ ઊભા હતા.

જયારે પહેલા માણસે મને ફરી કારમાં બેસવા કહ્યું અને કયાંક વીજળીનો ગોળો પ્રકાશી ઊઠતાં મને સમજાયું કે હું કોઈક મોટી જબરી મુશ્કેલીમાં આવી પડી હતી. મેં તેમને મને કોઈ ઈજા ન પહોંચાડવા આજીજી કરી, પરંતુ તેણે મને બેઠક પર ધક્કો માર્યો અને મને તેની પાસેનું ખંજર હુલાવી દેવાની ધમકી આપી. મેં લૂંટાવા કરતાં મરી જવાનો નિશ્ચય કર્યો. હું આખરી શ્વાસ સુધી લડતી રહીશ... હું ઊગરી જઈશ! મારા મનમાં આવા વિચારનો પોકાર થતાં હું નિર્ભય થઈ ગઈ. મને ખબર નથી કે મારાંમાં આ તાકાત કયાંથી આવી, પરંતુ મને મારી અંદર એક વિચિત્ર તાકાતનો અનુભવ થયો. ઊગરી જવાની સહજવૃત્તિ ! મેં મારી પૂરી તાકાતથી તે બદમાશને લાત મારી અને પછી તેની પકડમાંથી ન છૂટી ત્યાં સુધી તેને પીટતી જ રહી. મુક્ત થતાની સાથે હું મારાં ઘર ભણી દોડી.

આસપાસનું સઘળું અતિ વાસ્તવિક લાગ્યું. આશ્રયસ્થાન માટે દોડી જતાં મેં મારા ફેંફસા ફાટી જાય તેવી ચીસ પાડી. નવાઈની વાત એ હતી કે તે માણસોએ મારો પીછો ન કર્યો. શેરીનાં કૂતરાંઓ પાછળ જરૂર દોડયાં પરંતુ તે પર મેં કંઈ ધ્યાન ન આપ્યું. મને એ વાતનો ગુસ્સો આવ્યો કે તે ગલીમાં રહેતા કેટલાયે મજૂરોમાંથી કોઈ પણ મદદ કરવા બહાર ન આવ્યો.

છેવટે મેં એક મજૂર કુટુંબને તેમની ઝૂંપડી બહાર સૂતેલું જોયું. મને ચીસો પાડતી જોઈ તેમણે બત્તી ચાલુ કરી અને મારી મદદે આવ્યા. તેઓએ મને પાણીનો પ્યાલો આપ્યો અને મને થોડો સમય આરામ લેવા કહ્યું. મારાં મનમાં બસ ઘર જ ઘૂમી રહ્યું હતું, તે માણસ મને રાજીખુશી મારાં ઘરે મુકી ગયો. રસ્તે જતાં મારી આંખોમાં આનંદ અને છુટકારાનાં આંસુ આવી ગયાં અને મેં ભગવાનનો આભાર માન્યો. હું ઊગરી ગઈ હતી.

જયારે પણ મારે ઘરેથી બહાર નીકળવાનું બનતું ત્યારે મારાં માતાપિતા મારા પર લાખો પ્રશ્નોનો મારો ચલાવતાં – 'તું કયાં જઈ રહી છે? તું પાછી કયારે ફરીશ? તારી સાથે કોણ જઈ રહ્યું છે?' – અને જાણે મારાં પર કોઈ ત્રાસ ગુજરી રહ્યો હોય તેવું મને લાગતું. મારી સલામતી બાબતની તેમની ચિંતાને સમજવાને બદલે હું એવું માનતી કે તેઓને મારાં પર વિશ્વાસ નહોતો. મારાં જેવી કેટલીયે છોકરીઓ છે કે જેઓ એવું ભ્રમણાયુક્ત જીવન જીવે છે કે તેમને કંઈ જ થવાનું નથી, તેઓ અભેદ્ય છે. એવા સ્વપ્નજગતમાંથી જાગી ઊઠવાનો સમય હવે આવી લાગ્યો છે. હું નહીં ઈચ્છું કે મારે જે પરિસ્થિતિમાંથી પસાર થવાનું બન્યું તેવું કોઈ બીજાને બને.

અનામી

## અપરાજિત

વસંતઋતુ જામી હતી, અમે બંને મિત્રો વૃક્ષોની છાયામાં બેઠાં હતા, અમે અભ્યાસનાં વિચારોમાં ડૂબી ગયાં હતા, અને ત્યા તે અમારી પાસે કોને ખબર કયાંથી આવી પહોંચ્યું. આમ તો તેને અપશુકનરૂપ માનવામાં આવે છે, પરંતુ અમારા માટે તે એક મહાન આશીર્વાદ બની ગયું.

શાલિક (એક પક્ષી) ખરી પડેલાં પર્ણો પર હળવેથી આવીને બેઠું અને થોડીવાર સ્થિર ઊભું રહ્યું અને પછી તે મારી તરફ ફર્યું અને હું તો ધરતી સાથે જડાઈ જ ગયો.

'આમ જો, મિત્ર,' મેં આશ્ચર્યમાં ગરકાવ થઈ જતાં કહ્યું. 'આવું અદ્‌ભૂત પક્ષી આ અગાઉ મેં કયારેય જોયું નથી... 'તું આવું શા માટે કહે છે?' તેણે પૂછ્યું.

અને મેં જવાબ આપ્યો, 'તેને બરાબર જો એટલે તને સમજાય જશે.'

તેણે તેને બારીકાઈથી જોયું અને આશ્ચાર્યેદ્‌ગાર કાઢયો, 'મિત્ર, તેને માત્ર એક જ પગ છે.'

'હા... અને તેમ છતાંય તે દ્રઢતાપૂર્વક ઊભું છે.'

તે પક્ષી પાછળ ફર્યું અને કૂદ્યું.મને નાનપણની લંગડીની રમત યાદ આવી ગઈ. હું વિમાસણમાં હતો કે તે તેનું સમતોલન જાળવી શકશે કે નહીં?

પરંતુ પક્ષી મેં અપેક્ષા રાખી હતી તે કરતાં વધારે બળવાન અને વધારે દ્રઢ નીકળ્યું. તેણે નીચે જમીન પર ચાંચ મારી અને તેના વડે કંઈક ઉપાડયું. અને પછી તેણે ફરી એકવાર છલાંગ લગાવી અને પછી ફરી... ફરી... છલાંગો લગાવતું જ રહ્યું.

એકપણ વાર તેનો એકલો પગ ન કાંપ્યો, તેનું સમતોલન જાળવવા એક પણ વાર તેણે બમણો–કૂદકો ન લગાવવો પડયો. એવું લાગ્યું કે પક્ષી એટલે જાણે સદેહે પધારેલો 'સંપૂર્ણતા' શબ્દ ! તે સ્વર્ગમાંથી આવેલું પક્ષી હતું. તે એક એવું પક્ષી હતું કે જેને હતોત્સાહ કરી શકાય તેમ નહોતું.

મેં મારા મિત્રને પૂછ્યું, 'મને લાગે છે કે આપણે આ પક્ષીને નામ આપવું જોઈએ. તું કયું નામ સૂચવે છે?'

અને તેણે તેનો પ્રત્યુત્તર આપતાં કહ્યું, 'અપરાજિત.'

'હા' મેં કહ્યું, 'એક સંપૂર્ણ પક્ષી માટે અપરાજિત એ એક સંપૂર્ણ નામ છે.'

તે પક્ષી થોડીવાર આમતેમ કૂદ્યું અને પછી પોતાને માફક એવા કામમાં પોતાને વ્યસ્ત રાખતું ધીમે ધીમે અમારાથી દૂર જતું રહ્યું. બીજું કોઈપણ પક્ષી કરી શક્યું તેના કરતાં તેણે પોતાનું કામ વધારે કાળજીપૂર્વક અને ચોકસાઈથી કર્યું હતું. મારા યુવાન મન માટે જો કંઈ મહત્વનું હોય તો તે એ હતું કે તે એ દર્શાવતું હતું કે જો માત્ર સંકલ્પબળ અને અદમ્ય જુસ્સો હોય તો જીવનમાં કશુંયે સિદ્ધ કરવું અશકય નથી.

પક્ષી કૂદતું હતું અને દરેક કૂદકા સાથે તે સર્જનની દિવ્યતાને વ્યાખ્યાયિત કરતું હતું હવે તેણે તેની પાંખો ફેલાવી. તેની પાંખોના ફલકમાં તેણે વિશ્વને ધારણ કરી રાખ્યું હતું કારણ કે વિશ્વ તેના વિના નહોતું.

તેને હું નીરખતો રહ્યો અને મારી યુવાન વયમાં મને કદીયે ન થયો હોય તેવો ઊર્જાનો અનુભવ થયો. મેં મારા પંજા તરફ જોયું. તે પક્ષી ભાગ્યે જ મારી હથેળી કરતાં મોટું હશે અને તેમ છતાંય મારા આ છ ફૂટ ઊંચા શરીર કરતાં તેનામાં વધારે હિંમત અને દ્રઢતા હતા.

મેં મનોમન વિચાર કર્યો, 'આવજે, પક્ષીઓના રાજા, અપરાજિત. કોઈ ગરૂડ તને પડકારી નહીં શકે, કોઈ બાજ તને હરાવી નહીં શકે... કારણ કે તું ઈશ્વરનો સંદેશાવાહક છે. દરેકને માર્ગ બતાવ. તેમને કદી હાર ન માનવાનું શીખવ. તેને તારા નામનો અર્થ – કોઈને તાબે ન થનાર – શીખવ.'

આ અપરાજિત નામના એક પક્ષીની કથા હતી. આ આપણી આસપાસ આવેલા બેસુમાર અપરાજિતોની કથા હોઈ શકે કે જેઓ નિષ્ફળતાઓને તેમના પર હાવી નથી થવા દેતા.

શુભવ્રત દત્ત


VASISHTHA GROUP OF SCHOOL

શ્રી વસિષ્ઠ વિદ્યાલય, વાવ.
ગુજરાતી માધ્યમ / દ્વિભાષી માધ્યમ
નર્સરી થી ધો. ૧૨ સાયન્સ/કોમર્સ
☎ 02621 255551/3 ✆ 91734 02809 / 91733 15555

વસિષ્ઠ જેનેસિસ સ્કૂલ, બાબેન.
ગુજરાતી માધ્યમ
ધો. ૧ થી ૧૨ સાયન્સ
☎ 02622 225542/43 ✆ 91576 44555
www.vasishthagensisschool.net


